કાન્તિ ભટ્ટ

## કાન્તિ ભટ્ટ હોવું એટલે શું ?

આપણામાં એક રિવાજ છે. વ્યક્તિની કારાકિર્દી દરમ્યાન એનું પૂરતું મૂલ્યાંકન ન કરવું અને એની ગેરહયાતીમાં એન વિશેના પરિસંવાદો યોજવા. હયાતી દરમ્યાન વ્યક્તિનો સન્માન સમારંભ યોજાય તો સ્ટેજ પરથી એનાં વખાણ કરવાં અને બેક-સ્ટેજમાં એનું બેક-સ્ટેબિંગ કરવું. આ લેખમાં આ લખનારા એક એવી વ્યક્તિનો સન્માન સમારંભ યોજવા ધારે છે, જેમને નજીકથી જાણનારાઓને ખબર છે કે એમની પ્રતિભાને અનેક વખત અન્ડર રેટ કરવામાં આવી છે.

ગુજરાતી પત્રકારતવમાં એક રૂઢિપ્રયોગ પ્રચલિત છે: કાન્તિ ભટ્ટ ટાઇપનું જર્નાલિઝમ એટલે કેવું ? કોઇ પત્રકારને અંગ્રેજી લેખોમાંથી ઉઠાંતરી કરતો પત્રકાર કહીને ઉતારી પાડવો હોય તો લોકો કહેતા હોય છે કે એનું પત્રકારાત્વ કાન્તિ ભટ્ટ ટાઇપનું છે. શું આ સત્ય છે ? અને જો હા, તો આ છાપ કેવી રીતે સર્જાઇ ?

કાન્તિ ભટ્ટે શું માત્ર કટિંગ-પેસ્ટિંગનું જ પત્રકારત્વ કર્યું છે ? આ સવાલનો જવાબ સ્પષ્ટ ના છે. કારણ કે આ પ્રકારનું પત્રકારત્વ કાન્તિ ભટ્ટની અત્યંત વિશાળ લેખન કારકિર્દીનો માત્ર એક નાનકડો હિસ્સો છે. કાન્તિ ભટ્ટ એટલા પ્રોલિફિક રાઇટર છે કે આ નાનકડો હિસ્સો પણ, સંખ્યાની દૃષ્ટિએ વાચકોને કે અન્ય પત્રકારોને ઘણો મોટો જણાય. કાન્તિ ભટ્ટ ટાઇપનું જર્નાલિઝમવાળો રૂઢિપ્રયોગ આ જ છાપને કારણે પ્રચલિત થયો છે. આવા લેખોની સામે કાન્તિ ભટ્ટે ફર્સ્ટ હેન્ડ ઈન્ફોર્મેશન આપતા, લેગ વર્ક કરીને તૈયાર કરેલા લેખોની સંખ્યા અનેકગણી છે. રિપોર્ટસ્, અહેવાલો અને કમેન્ટસવાળા મૌલિક લેખો ઉપરાંત કાન્તિ ભટ્ટ જેવા મોટા ગજાના લેખક-પત્રકાર વિશે જો કોઇ અભિપ્રાય આપવા માંગતું હોય તો એની ફરજ છે કે કાં તો આપણે કાન્તિ ભટ્ટનું આ સમગ્ર સર્જન વાંચ્યું હોવું જોઇએ, કાં તો ચૂપ રહેવું જોઇએ. લોકોએ એમની છાપ ઊભી કરી છે એની સાથે અભિપ્રાયકારને નિસ્બત ન હોવી જઇએ અને એ છાપને આધારે આડેધડ પોતાના અભિપ્રાય ફેંકવાની ધૃષ્ટતા તો ન જ કરવી જોઇએ.

કાન્તિ ભટ્ટના પત્રકારત્વના અનુભવોનો નિચોડ એમના લેખોમાં મળે છે પત્રકાર તરીકેની કારકિર્દી દરમ્યાન એમણે જે દુનિયા જોઇ, જે વ્યક્તિઓ જોઇ, જે વાંચન કર્યું અને જે અનુભવો કર્યા એ બધું જ એક કોન્સન્ટ્રેટેડ ફોર્મમાં આ લેખોમાં આવે છે. જગત આખાની કડવાશ પીધા પછી એક તબક્કો એવો આવતો હોય છે જ્યારે કડવાશનો સ્વાદ અમૃતમાં ફેરવાઇ જાય છે. આવા ઉચ્ચ તબક્કે પહોંચવાનું ગજું દરેકનું નથી હોતું 'જગતના ક્રૂર તત્ત્વો તીર ફેંકે તે કેમ સહન કરશો' એ શીર્ષક હેઠળના એક લેખમાં કાન્તિ ભટ્ટે સહનશીલતા વિશે વાત કરી છે. આપણે જાણીએ છીએ કે લેખકના આ શબ્દો પોથીમાંના રીંગણાં નથી. પરંતુ ગરમીમાં તપાઇને, ટિપાઇને સર્જાયેલા સો ટચના શબ્દો છે કાન્તિ ભટ્ટ બહુ સરસ વાત કરે છે કહે છે: 'પ્રતિકૂળ સંયોગોને અનુકૂળ બનાવી દેવામાં જ મોટાઇ સમાયેલી છે અનુકૂળ સંયોગોમાં જીવતાં તો સૌને આવડે છે, પણ જ્યારે બધું જ વિરુદ્ધમાં જતું હોય અને મિત્રો પણ દુશ્મન બનતા હોય ત્યારે સહિષ્ણુ બનીને કાર્યરત રહો તેમ જ દશ્મનને પણ મિત્ર બનાવી લો ત્યારે જ તમે ખરા માનવ છો. કોઇ સ્ત્રી કે પુરુષ દુ:ખ સામે, રોગ સામે કે પ્રતિકૂળ સંજોગો સામે ઝઝૂમતાં હોય તયારે તેના પ્રત્યેનું માન કેટલું વધી જાય છે. અનેક ટીકાઓ વચ્ચે તે શાંત રહેતો હોય ત્યારે તમને તે યોગી જેવો લાગે છે, પણ ટીકાકારો સામે બખાળા કાઢતો માણસ કોઇને ગમતો નથી. કાન્તિ ભટ્ટનાં પ્રિય ક્વોટેશનમાં આ અવતરણોનો સમાવેશ શા માટે થયો છે તે તમે હવે જાણી શક્યા: ઈટ ઈઝ અ ગ્રેટ લાઇફ, ઈફ યુ ડોન્ટ વીકન. વિદ્વતાભર્યા અવતરણો ટાંકવાથી કોઇ મહાન બની જતું નથી, પણ એ અવતરણોમાં કહેવાયેલી જિંદગી જેણે સતત જીવી છે તેને માટે આવું એકાદ અવતરણ એક વાક્યની આત્મકથા બની જાય છે.

લેખક તરીકેની કે પત્રકાર તરીકેની સુપિરિયારિટી તમે ઘણામાં જોઇ હશે. ફાંકો લઇને ફરનારા લેખકો-પત્રકરોનો, ગુજરાતીમાં જ નહીં દરેક ભાષામાં તોટો નથી. કલમની તાકાતનાં ગુણગાન તમે સાંભળ્યાં હશે. કોઇ ધર્મગુરુ જ્યારે પોતાના શ્રોતાઓને ઉપદેશ આપતો હોય ત્યારે વારંવાર ગુરુ વિના આ ભવસાગર પાર ન કરાય એવી રેકોર્ડ વગાડતા હોય છે. આની પાછળનો આશય એટલો જ કે શ્રોતાઓ, મને તમારા ગુરુપદે સ્થાપો. મારા ચેલકા બનો. આવું જ લેખકો-પત્રકારો પણ કરતાં હોય છે. તોપ કે તલવારો પણ નાકામિયાબ નીવડે ત્યારે મ્યાનમાંથી કલમ નીકાલોવાળી વાતથી તેઓ વાચકોને આજી

નાખતા હોય છે. કાન્તિ ભટ્ટ આવા કોઇ ભ્રમમાં નથી. તેઓ કહે છે: ‘ સશસ્ત્ર બળવાથી, રજનીશના આધ્યાત્મિક જ્ઞાનથી કે વિનોબાના ઉઘાડા પગે ચાલવાના સ્ટંટથી ક્રાંતિ ન આવે તો લેખકની કલમથી શું ક્રાંતિ આવવાની છે ? કલમથી આવનારી ક્રાતિ બહુ ક્ષણજીવી હોય છે. કોઇ બીજાની કલમથી કે કોઇ રાજકારણીની કરામતથી આવેલી ક્રાંતિ ઝાઝી ટકતી નથી. એ માત્ર બજારુ ક્રાંતિ છે. કલમની ક્રાંતિ મનોરંજનની ચીજ છે. તમે ભડકામણાં લેખો વાંચો કે ભડકામણાં ભાષણો સાંભળો તેનાથી ક્રાંતિ આવતી નથી. ક્રાંતિ એ તમારી પોતાની અંગત ચીજ છે. એ સામૂહિક રીતે ન આવે. સામૂહિક પ્રાર્થના થઇ શકે, પણ સામૂહિક ક્રાંતિ કદી ન આવી શકે. સામૂહિક ક્રાંતિ એ શબ્દો જ ખોટા છે. ક્રાંતિ એ વ્યક્તિગત વાત છે.

કોઇ પણ લેખક આવી વિચારવંત વાતને સહેજ પણ દંભી આવરણો પહેરાવ્યા વિના ક્યારે સાહજિકતાથી રજૂ કરી શકે ? જ્યારે એન લખવામાં, બોલવામાં અને જીવવામાં ઝાઝો ફરક ન હોય કાન્તિ ભટ્ટમાં આવો ફરક ઓછામાં ઓછો છે. ક્યારેક મને પોતાને એમનામાં એવો તફાવત દેખાયો છે. અને જે જાહેરમાં વ્યક્ત કર્યો છે, ત્યારે પાછળથી અચૂક જાણ થઇ છે. કાન્તિ ભટ્ટે પોતે જે લખ્યું હોય તેવું જીવવામાં સફળતા કદાચ ન મેળવી હોય તો પણ એ રીતે જીવવાના સો ટચના પ્રયત્નો જરૂર કર્યા છે. અને નિષ્ઠાવાન પ્રયત્નો પણ કદાચ નિષ્ફળતામાં પરિણમી શકે. પ્રયત્નોની નિષ્ફળતાને કારણે માણસ પોતે નિષ્ફળ પોતે ગયો છે એવું કેવી રીતે કહી શકાય ?

‘આપણી દરિદ્રીનું કારણ’ શીર્ષક હેઠળના લેખમાં કાન્તિ ભટ્ટ કહે છે: ‘આપણી પાસેથી વધુ ને વધુ મહેનત, ચીજો કે નાણાં છીનવી લેવાતાં હોય છે’ એ હકીકત છે. આ નાણાં કે મહેનત છીનવીને આપના હાથમાં અવનવી ચીજો પકડાવી દેવાય છે. આવું થાય છે ત્યારે અતિસૂક્ષ્મ કે અગોચર એવું માનવીના જીવનું અણમોલ ગુણ જેવું રતન ઝૂંટવાઇ જાય છે. મિલવાળા રેશમી સાડી પત્રકારોને આપે કે રૂપાળી છોકરીને મોટરવાળાઓ લિફ્ટ આપે કે ધનિક માણસ સરકારી અમલદારોને ભેટસોગાદ આપે છે ત્યારે આ બધા લોકો પાસેથી કેવી કીમતી ચીજ ઝૂંટવાઇ જાય છે એ તમે જાણો છો ? પેંડો આપીને એમની સોનાની કડલી ઝૂંટવાઇ જતી હોય છે. એ પછી તમરી ઝૂંટવાઇ ગયેલી આબરૂ કે સ્વાભિમાનને તમારે બુદ્ધિ વડે, શરીરબળ વડે કે જ્ઞાન વડે ખરીદવી પડે છે.’

કાન્તિ ભટ્ટને એક તંત્રીએ કહ્યું: ‘તમે ખૂબ ચંચળ છો’ આ વાતે કાન્તિ ભટ્ટને વિચારતા કરી મૂક્યા એમને લાગ્યું કે આવું કહીને તંત્રી શું કહેવા માંગે છે એ તો તેઓ જ જાણે, પણ ચંચળતાનો તેઓ વિરોધ કરતાં હોય તો એનો અર્થ એ થયો કે તેઓ જડતાના આગ્રહી હશે. સંઘર્ષ કાન્તિ ભટ્ટનો સહોદર છે.સંઘર્ષથી થાકીને ક્યારેક એમણે વિસામો લીધો હશે અને એ વિસામા જેવી ક્ષણોમાં કૂકરની સિટી વાગતાંની સાથે નીકળતી વરાળ જેવા શબ્દો એમના મોઢામાંથી પણ નીકળ્યા હશે, પરંતુ આ વિસામો ઘડી-બે ઘડીનો હોય છે. થાક ઉતાર્યા પછી ફરી તેઓ લખે છે: ‘માનવીના જીવનમાં ઘર્ષણ આનિવાર્ય છે. સદાય શાંત રહેવા ટેવાયેલા જીવોથી આ જગત ભરાયેલું હોત તો જગતમાં અત્યારે જે રંગીની દેખાય છે તે દેખાતી ના હોત. કવિ કે લેખકનાં મનમાં અજંપો જાગે છે ત્યારે તે કંઇક સર્જન કરે છે. કંઇક અજંપાવાળા ઊંધી ખોપરીવાળા, સપ્તરંગી, વ્હિમઝિકલ સ્વભાવવાળા માણસો જ બીજાઓના જીવનમાં રંગ લાવે છે પોતાના જીવનના રંગને ફિક્કા રાખીને તે આપણા જીવનના રંગને ઊજળા બનાવે છે. કોઇ પણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો આ અજંપા વગર આગળ વધી શકાતું નથી. ખપી જવાની વૃત્તિ ન હય તો કશું સિદ્ધ થતું નથી.’

કાન્તિ ભટ્ટનું એક લેખક અને પત્રકાર તરીકેનું મૂલ્યાંકન કરવામાં આ નાનકડા લેખનો તેમ જ મારો પોતાનો પનો ટૂંકો પડે છે એ હું જાણું છું એટલે હું ઇચ્છું કે ફરી ક્યારેય કોઇ કાન્તિ ભટ્ટ વિશે બોલે કે તેમના વિશે લખે ત્યારે એ અભિપ્રાયના કેન્દ્રમાં કાન્તિ ભટ્ટનો અજંપો અને ખપી જવાની વૃત્તિથી પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ જ હોય છે.